જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૧૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૩૨૧/૧૬

## સસ્તા ભાવે સોનુ આપવાની લાલચ આપી, લોકો પાસેથી પૈસા પડાવી લઇ સોનુ તથા પૈસા પરત નહિ આપી છેતરપીંડી કરનાર કચ્છ-ભુજના ઇસમને સરખેજ ખાતેથી ઝડપી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સબ.ઈન્સ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સબ.ઇન્સ. શ્રી એ.પી.ચૌધરી નાઓ ટીમના માણસો સાથે ડી.સી.બી. પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૮/૨૦૧૬ ઇપીકો કલમ ૪૦૬, ૪૨૦ મુજબના કામના ફરીયાદી શ્રી મહેશભાઇ કરશનભાઇ પટેલ રહે. ૭, ગીરીરાજ એપાર્ટમેન્ટ, ગોરના કુવા પાસે, રાજભગત હાઇસ્કુલ નજીક, જશોદાનગર ચોકડી રોડ, મણીનગર, અમદાવાદ નાઓની ફરીયાદના કામે ફરીયાદી તથા બે પંચોના માણસોને સાથે સરખેજ સર્કલ પાસે વોચ ગોઢવી ઉપરોકત ગુનાના કામના આરોપી બુધ્ધા ઉર્ફે ગોપાલભાઇ સન/ઓફ મેવા બંભાનોડે (મુસ્લીમ) ઉ.વ.-૩૪, રહે. ગામ. મીસરીયાડા, મસ્જીદની બાજુમા, તા.જી. કચ્છ-ભુજ નાને આજ રોજ પકડી પાડી તેની પાસેથી નાના છોકરાને રમવાની નોટોના બંડલ નંગ-૧૨, ઇલેકશન કાર્ડ-૧, મોબાઇલ ફોન-૧, મળી કુલ કિંમત રૂ.૧,૦૦૦/- ની મત્તાનો મુદામાલ કબ્જે કરવામા આવેલ છે.

સદર આરોપીની પુછપરછ કરતા જણાવેલ કે, આજથી બે મહિના અગાઉ પોતે મહેશભાઇ પટેલ નામના માણસને અમદાવાદ, મણીનગર, ખોડીયાર માતાજીના મંદિર પાસે રૂબરૂ મળી તેઓને બજાર કિંમત કરતા ૨૦% ઓછા ભાવે સોનુ આપવાનુ જણાવી તેઓની પાસેથી રૂપીયા ૫૦ હજાર મેળવી લઇ બાદ ફોન બંધ કરી છેતરપીંડી કરેલ હોવાનુ જણાવેલ છે. જે અંગે મહેશભાઇ પટેલનાઓએ ફરીયાદ આપેલ હોય જે ગુનાના કામે આરોપીને અટક કરવામાં આવેલ છે.

આ સિવાય આજથી સાતેક વર્ષ પહેલા નલીયા ખાતે રહેતી રબારી છોકરી સાથે પોતાને પ્રેમ સબંધ થયેલ હતો. જે રબારીની છોકરીના લગ્ન થઇ ગયેલ હતા. જેની સાથે લગ્ન કરવા બાબતે બોલા-ચાલી થતા ગળુ કાપી નાંખી તેની હત્યા કરેલ હતી જે ગુનામાં મારી ધરપકડ થયેલ અને ૨૮ મહિના સુધી જેલમાં રહેલ હતો.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)